# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ - વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

| | | |
|---|---|---|
| તારીખ : ૧૨-૦૪-૨૦૨૫ | **વાર્ષિક પરીક્ષા - ૨૦૨૫** | કુલ ગુણ : ૮૦ |
| વાર : શનિવાર | ધોરણ : ૧૧ વિષય : ગુજરાતી | સમય : ૩ કલાક |

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે. (2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો. (4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ ની નિશાની કરવી નહીં.

## વિભાગ - A (પદ્ય આધારિત)

★ **નીચે આપેલ પ્રશ્નોના હેતુલક્ષી ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)** 3

(1) 'છપ્પા'માં કેટલા ચરણ હોય છે ?

(2) સીમ અને ઘર કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

(3) 'હું ચાહું છું' કાવ્યના કવિનું નામ જણાવો.

★ **નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)** 3

(4) નાવિકની આજીવિકાનું સાધન કયું છે ?
(A) ગંગા (B) અહલ્યા (C) પાષાણ (D) નાવ

(5) 'દુહો' કયા સાહિત્યનો કાવ્ય પ્રકાર છે ?
(A) કચ્છી (B) ચારણી (C) સોરઠી (D) બંગાળી

(6) 'ખીલા' કાવ્યના કવિનું નામ જણાવો
(A) કાન્ત (B) સુંદરમ (C) પ્રિયકાન્ત મણિયાર (D) ઈજ્જતકુમાર ત્રિવેદી

★ **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. (દરેકનો 1 ગુણ)** 2

(7) હરિને શી રીતે ભૂલવી શકાય ?

(8) ભગવાન પોતાનો ભાગ ખાવા ક્યારે આવતા ?

★ **નીચે આપેલા પ્રશ્નનો ચાર - પાંચ વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)** 4

(9) 'વનમાં ચાંદલિયો ઉગ્યો' કાવ્યમાં રજુ થયેલી દૈનિક ક્રિયાઓ ક્રમમાં નોંધો

(10) પહેલા ઝાડવાને ફળિયું છોડીને શા માટે જંગલમાં જવું છે ?

★ **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.** 4

(11) ચંદ્રહાસનું પાત્રાલેખન કરો.

અથવા

(11) 'ખીલા' કાવ્યનો કેન્દ્રવર્તી વિચાર સ્પષ્ટ કરો.

## વિભાગ - B (ગદ્ય આધારિત)

★ **નીચે આપેલ પ્રશ્નોના હેતુલક્ષી ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)** 3

(12) ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીનું ઉપનામ જણાવો.

(13) હુકમ માલિક પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

(14) તપસ્વી સારસ્વત પાઠના લેખકનું નામ જણાવો.

★ **નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)** 3

(15) ઘરમાં અમૃતાનું વહાલસોયું નામ શું હતું ?
(A) દમુ (B) અમુ (C) કમુ (D) જમુ

(16) 'સુંદરી એ કોનું ઉપનામ છે ?
(A) જયશંકર ભોજક (B) જયશંકર સુંદર (C) જયશંકર જાદવ (D) જયશંકર ભોગીલાલ

(17) 'જમાના પ્રમાણે' કૃતીના લેખકનું નામ જણાવો.
(A) કુન્દનિકા કાપડિયા (B) વસબહેન ભટ્ટ (C) શંકર વૈદ્ય (D) રાજેશ વ્યાસ

★ **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. (દરેકનો 1 ગુણ)** 2

(18) અલી ડોસો રોજ શા માટે પોસ્ટ ઓફિસ જતો હતો ?

(19) લેખક ઝનકુ અને જમનના સંદર્ભે કોને સાચો યજ્ઞ કહે છે ?

★ **નીચે આપેલ પ્રશ્નનો બે - ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)** 4

(20) લેખક જીભને 'જ્ઞાનેન્દ્રિય' તથા 'કર્મેન્દ્રિય' સાથે શા માટે સરખાવે છે ?

(21) કૃષ્ણની મૂર્તિ શાથી કાળીમેંશ થઈ ગઈ ?

★ **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.** 4

(22) બિહારીની મનોવ્યથા તમારા શબ્દોમાં વર્ણવો.

અથવા

(22) મુદ્દાસર નોંધ લખો. અશોકનું પાત્રાલેખન

Master Classes Chirag Prajapati 9824149446

## વિભાગ - C (વ્યાકરણ)

★ **નીચે આપેલા સમાનાર્થી શબ્દોમાંથી કોઈપણ ચાર સમાનાર્થી શબ્દો શોધીને લખો.** 2

(23) નૃપ તલવાર પરાજય

(24) હાર લાશ વલ્લરી

(25) વેલ ભૂપ મૃતદેહ

(26) અસિ લતા ખડગ

(27) શબ પરાભવ રાજવી

★ **નીચે આપેલા વાકયોમાંથી ચાર રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખી અર્થ બદલાય નહી તે રીતે વાક્ય ફરીથી લખો.** 2

(28) રાજ રતનની માગણીનો સ્વીકાર કરવો.

(29) ટાઢા રોટલા કેમ ખાઓ છો ?

(30) જીભ સુધારકની પ્રશંસા કરવા મંડી પડે છે ?

(31) નાનાભાઈએ વાસ્તવિકતા જણાવી.

(32) તમારી વાત કદાચ સાચી હશે.

★ **શબ્દસમૂહમાંથી ચાર શબ્દસમૂહો માટે એક શબ્દ લખો.** 2

(33) દૃષ્ટિકોણ (34) કદરદાન (35) શાકપીઠ

(36) લાળી (37) ખુશામદ

★ **નીચે આપેલા તળપદા શબ્દોનું શિષ્ટરૂપ લખો.** 1

(38) મસાણ (39) વાંહે

★ **નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો.** 1

(40) પ્રતીકુળ (41) મીતભાસી

★ **નીચે આપેલા શબ્દોના અર્થભેદ લખો.** 1

(42) ભાવ (43) વાટ

★ **નીચે આપેલા કોઈપણ બે રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.** 2

(44) મગજ ચસકી જવું (45) હિમે હાડ ગાળવા (46) ભ્રમમાં પડવું

★ **સુચના મુજબ કોઈ પણ પાંચ ઉત્તર લખો.** 5

(47) મુખ હસી હસી જતું અને છતાં ઠાવકાપણું તે સાચવી લેતા હતા. (સંયોજક શોધો.)

(48) એની ડોકમાં એક સોનાનુંસેર હતી. (પ્રત્યય સુધારો)

(49) મને તેનું ઠેકાણું આપશો ? (વિભક્તિ ઓળખાવો)

(50) વરસાદ પડી રહ્યો નથી. (વાક્ય પ્રકાર ઓળખાવો)

(51) હું લસણની ચટણી વાટી નાખીશ. (કર્મણી વાક્ય બનાવો)

(52) એનો પિતા ઉશ્કેરાઈ ગયો. (ભાવે વાક્ય બનાવો)

## વિભાગ - D

★ **નીચે આપેલ કાવ્ય વાંચી નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો.** 5

એટલો તને ઓળખ્યો, વ્હાલા
ઓળખું જરાય નહિ
લાખ લીટીએ લખું તો યે
લખ્યો લખાય નહીં .... એટલો
સૂરજ - તાપના જેટલો તીખો,
અડયો અડાય નહી
ચંદર-ચાંદની જેટલો મીઠો
ઝાલ્યો ઝલાય નહી ... એટલો
યુગો યુગોની ચેતના જેવડો
વરણ્યો વરણાય નહી
જન્મોજનમ હેતના જેવડો
પરણ્યો પરણાય નહી ... એટલો

- હસમુખ પાઠક

પ્રશ્નો :

(53) કવિ 'વ્હાલા' સંબોધન કોના માટે કરે છે ?

(54) કવિએ ઈશ્વરને ઓળખવા માટે કઈ કઈ ઉપમાઓ પ્રયોજી છે ?



Master Classes Chirag Prajapati 98241 49446

(55) કવિએ આ કાવ્યમાં શી મથામણ અનુભવી છે ?

(56) પ્રભુ-ઈશ્વર સાથેનું હેત કેવું છે ?

(57) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

★ **નીચે આપેલ ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** 5

સ્વરાજય મેળવવાના પ્રયત્નમાં પણ સત્યનો આધાર લઈને ચાલવું એ લાભદાયક છે. આપણું સાધન સારું નહી હોય તો સાધ્ય પણ સારું નહી ઉતરે. આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે શુભ ઉદ્દેશ પાર પાડવા માટે ગમે તે સાધનનો ઉપયોગ કરી શકાય. એમાં કશું અનુચિત કરવું પડે તો તે ઈચ્છવા યોગ્ય નહી. તો ક્ષમ્ય તો જરૂરી ગણાય. ગાંધીજી અનુચિત આચરણને હંમેશા વખોડી કાઢતા, કારણ કે તેથી સાચી કાર્યસિદ્ધિ થતી નથી અને થતી દેખાય તો પણ એ મુળ ધ્યેયની સિદ્ધિ નથી હોતી. કારણ કે ખોટા સાધનને કારણે ખુદ ધ્યેય બદલાય ગયેલું હોય છે. આથી તેમણે હરેક પરિસ્થિતિમાં અને હરેક પ્રસંગ સત્યપાલનને આવશ્યક માન્યું છે.

- ડૉ.રાજેન્દ્ર પ્રસાદ

પ્રશ્નો :

(58) સ્વરાજય મેળવવામાં શેનો આધાર લાભદાયક છે ?

(59) ગાંધીજી શેને હંમેશા વખોડી કાઢતા ?

(60) લોકો શુભ ઉદ્દેશ પાર પાડવા શેને ક્ષમ્ય ગણે છે ?

(61) ગાંધીજીએ શેને આવશ્યક માન્યું છે ?

(62) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

★ **નીચે આપેલ ગદ્યખંડનું ત્રીજા ભાગમાં સંક્ષેપ કરો.** 4

(63) પશ્ચાતાપ એ કિંમતી ધર્માનુભવ છે જે વાસણ માટી કે રાખથી સાફ થતાં નથી તે જેમ તેજાબથી સાફ થાય છે ને કાટ બધો ઓગાળી કે બળી જઈ વાસણ ચળકવા માંડે છે. તેવી જ રીતે ધર્મજીવન પર બાજેલી કેટલીયે શિથિલતા પશ્ચાતાપથી દૂર થઈ જાય છે. અને માણસ એકાએક પલટો ખાય છે. ખરેખર પશ્ચાતાપની અસર તેજાબથી ઓછી નથી. હોતી. સૃષ્ટિ માટે ને એમાંય માનવજીવન માટે ઈશ્વરની યોજના છે. મંગળને પવિત્ર એમાં ભંગાણ પાડી શકે માનવીની મુર્ખાઈથી પણ એ ભંગાણ પાછું સંધાય છે. માનવીના પશ્ચાતાપથી ને ઈશ્વરની અનહદ કૃપાથી આખરે એની એ દિવ્ય યોજના આગળ ચાલવાની જ.

- કાકા કાલેલકર

★ **નીચે આપેલા વાક્યમાં યોગ્ય વિરામચિહ્ન દર્શાવી ફરીથી લખો.** 2

(64) કોઈ પુસ્તક બતાવતા કહેતી,ભાઈ!આ લાલ પુંઠાવાળી ચોપડી તે હમણાં હાથમાં લીધી જ નથી,ભુલી તો ગયો નથી ને?

## વિભાગ - E

★ **આપેલ પંક્તિનો વિચાર વિસ્તાર કરો.** 4

(65) નિશાન ચૂક માફ, નહિ માફ નીચું નિશાન

★ **નીચેના વિષય પર 100 શબ્દોમાં અહેવાલ લખો.** 4

(66) તમારી શાળામાં નિવૃત્ત થતા શિક્ષકના વિદાય સમારંભનો અહેવાલ લખો.

★ **નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આપેલ મુદ્દાઓ આધારિત આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** 8

(67) **સ્વચ્છતા ત્યાં પ્રભુતા :**

શરીરની સ્વચ્છતા - ઘર અને મહોલ્લાની સ્વચ્છતા અંગેના પ્રયત્નો - ગામડાં અને શહેરોની સ્થિતિ - ગાંધીજીના સ્વચ્છતા અંગેના પ્રયત્નો - સ્વચ્છતાની જવાબદારી - વિદેશોમાં સ્વચ્છતા - ઉપસંહાર

*અથવા*

(67) **પુસ્તકો : આપણા મિત્રો**

સારા પુસ્તકોનો જીવનમાં ફાળો - સારાં પુસ્તકોનો લાભ - ખરાક પુસ્તકોના ગેરલાભ - વાંચન પર ટીવીની અસર

*અથવા*

(67) **તહેવારોનું મહત્વ :**

તહેવારોના પ્રકાર - તહેવારોનું મહત્વ

● ● ● ● ●

Master Classes Chirag Prajapati 98241 49446